## ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
## એન.એચ.એમ પ્રોગ્રામ
## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

### ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં રાષ્ટ્રીય આરોગ્ય મીશન પ્રોગ્રામ અંતર્ગત શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે જણાવેલ જગ્યાએ ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **www.vmc.gov.in** વેબસાઇટ પર તા.-૨૭/૧૧/૨૦૧૯ (૦૦.૦૧કલાક) થી તા. ૦૭/૧૨/૨૦૧૯ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | GEN | SC | ST | SEBC | EWS |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ/બ્રધર્સ | ૧૯ | ૧૪ | - | ૦૨ | ૦૨ | ૦૧ |
| ૨ | ફાર્માસિસ્ટ | ૦૨ | ૦૨ | - | - | - | - |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ **www.vmc.gov.in** પરથી મેળવવાની રહેશે.

નોંધઃ- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે ઉપર મુજબની કેડર ઉપરાંત બીજી અન્ય કેડર માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

ચેરમેન
એક્ઝક્યુટીવ કમીટી
અને ડે.મ્યુનિસિપલ કમિશનર
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ. નં ૫૯૫/૧૯-૨૦


## ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
## એન.એચ.એમ પ્રોગ્રામ
## વડોદરા મહાનગરપાલિકા


# સીધી ભરતી માટેની જાહેરાત
# (જાહેરાત ક્રમાંકઃ ૫૯૫/૨૦૧૯-૨૦)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ/બ્રધર્સ | ૧૯ | બિ.અ.-૧૪<br>અ.જ.જા.-૦૨<br>સા.શૈ.પ.વ. – ૦૨<br>આ.ન.વ.– ૦૧ |
| ૨ | ફાર્માસિસ્ટ | ૦૨ | બિ.અ.– ૦૨ |

1. શૈક્ષણિક લાયકાત અને અનુભવઃ
   1. સ્ટાફ નર્શ/બ્રધર્સ :- ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી **BSC(Nursing)** નો કોર્સ કરેલ હોવો જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જરૂરી છે. અથવા ઉમેદવારે ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ ડિપ્લોમા અને મિડવાઇફરી સાથે પાસ કરેલ હોવો જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જરૂરી છે. બેઝીક કોમ્પ્યુટર નો સર્ટિફિકેટ કોર્સ કરેલ હોવો જરૂરી છે.
   2. ફાર્માસિસ્ટ :- ૧. માન્ય સંસ્થા દ્વારા ફાર્મસીનો ડિપ્લોમા કે ડીગ્રી કોર્ષ અથવા તેની સમકક્ષ લાયકાત તેમજ ગુજરાત ફાર્મસી કાઉન્સીલમાં નામ રજીસ્ટર કરેલ હોવુ જોઇએ. ૨. હોસ્પીટલ કે ડીસ્પેન્સરી માં કામનો અનુભવ ધરાવનારને અગત્યતા અપાશે.૩. વધારાની લાયકાત માં ઉમેદવારને કોમ્પુટરનું જ્ઞાન હોવું જરૂરી છે.
2. પગાર ધોરણઃ
   1. સ્ટાફ નર્શ/બ્રધર્સ :- રૂ.૧૩,000/- માસિક ફિક્સ પગાર
   2. ફાર્માસિસ્ટ :- રૂ.૧૩,000/- માસિક ફિક્સ પગાર
3. ઉંમરઃ

   ૫૮ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .

4. કરારનો સમયગાળો:

૧૧ માસના કરાર આધારીત

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૨૭/૧૧/૨૦૧૯ (૦૦-૦૧ કલાક) થી તા. ૦૭/૧૨/૨૦૧૯(૨૩-૫૯ કલાક) દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. શૈક્ષણિક માહીતી: દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **education qualification details** મા ના હોય તો **OTHER1** અને કોમ્પુટર કોર્ષ ની માહીતી **OTHER2** માં ભરવી.
4. અનામતઃ ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ આર્થિક નબળા વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
5. વયમર્યાદાઃ અરજી સ્વીકારવાની તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
6. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯-૦૨-૧૯૯૬ ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં નાણાકીય વર્ષ-૨૦૧૮-૨૦૧૯ નું તા.૦૧-૦૪-૨૦૧૮ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
7. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
8. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ **CCC+/CCC** લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
10. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
11. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
12. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
13. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
14. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
15. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે **www.vmc.gov.in** વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૨૬/૧૧/૨૦૧૯

.

| | |
|---|---|
| **મેમ્બર સેક્રેટરી** | **ચેરમેન** |
| એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી, | એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી, |
| અને આરોગ્ય અમલદાર | અને ડે.મ્યુનિસિપલ કમિશ્નર(આ) |
| વડોદરા મહાનગરપાલિકા | વડોદરા મહાનગરપાલિકા |